# લાગણીનો બંધ દરવાજો હવે ખખડાવશો ના, આપણા સંબંધની ગરિમા કદી શરમાવશો ના!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

છોટા ઉદેપુરથી વડોદરા ખાસ દૂર નથી પણ રોજ અપ-ડાઉન કરવાનો તો કંટાળો આવે. એમાંય થોડો સમય હોય તો વાંધો નહીં પણ ત્રણ-ચાર વરસ આવું અપ-ડાઉન કરવાનું આવે ત્યારે ખરેખર ખૂબ કંટાળો આવે. જો કે લીના તડવીને સહેજેય કંટાળો નહોતો આવ્યો.

એણે એટલાં વરસ અપ-ડાઉન કર્યું ને એમ.બી.બી.એસ. થઈને જ જંપી!

“વાહ દીકરી,” લીનાનું એમ.બી.બી.એસ. પૂરું થયું એટલે એના પપ્પા શંકરભાઈ તડવીએ એને અભિનંદન આપતાં કહ્યું, “તેં તો ખરેખર રંગ રાખ્યો. તું નાટકચેટકમાં જેમ પહેલો નંબર લાવે છે એમ ભણવામાંય પહેલા નંબરે પાસ થઈ એનો મને ને તારી માને હરખ છે.”

“પપ્પા,” લીના બોલી, “નાટક મારો શોખ છે ને અભ્યાસ મારી જવાબદારી છે. બન્ને મારા માટે મહત્ત્વના છે.’’

‘‘સારું, સારું દીકરી,” લીનાની મમ્મી બોલી, “હવે પાડોશમાં વહેંચવા માટે બજારમાં જઈને ફટાફટ પેંડા લઈ આવ.”

“અરે મમ્મી,” લીના બોલી, “મને ખબર જ છે તારા સ્વભાવની કે તું પોતે પહેલા નહીં ખાય પણ પાડોશીઓને પહેલા ખવડાવીશ એટલે હું વડોદરાથી જ પેંડા લેતી આવી છું. બહુ મસ્ત પેંડા છે.”

આટલું કહીને લીનાએ પોતાની સાથે લાવેલું મોટું પેકેટ મમ્મીના હાથમાં આપી દીધું.

લીનાની મમ્મીએ થાળીમાં પેંડા કાઢ્યા ને તરત જ આડોશ-પાડોશમાં વહેંચવા નીકળી પડી!

એના ગયા પછી થોડી વારે આડોશી-પાડોશીઓના અભિનંદનનો એવો ધોધમાર વરસાદ શરૂ થયો કે લીના છેક રાત્રે દસ વાગ્યે ખાવા ભેગી થઈ!

“હવે શું કરવાનો વિચાર છે બેટા?” એના પપ્પા શંકરભાઈએ પૂછ્યું, “આગળ અભ્યાસ કરવો છે કે પછી દવાખાનું ખોલીને પ્રેક્ટિસ શરૂ કરવી છે કે પછી સરકારી નોકરી કરવી છે?”

“પપ્પા,” લીના બોલી, “મારે એમ.ડી. કરવું છે. એ પણ બાળકોના ડૉક્ટર તરીકે પિડિયાટ્રીક ડૉક્ટર તરીકે મારે કરિયર બનાવવી છે.”

“એમ.ડી.નો કેટલા વરસનો કોર્સ છે બેટા?” લીનાની મમ્મીએ પૂછ્યું.

“કોર્સ તો ત્રણ વરસનો છે મમ્મી,” લીનાએ કહ્યું, “પણ પ્રશ્ન એ છે કે, આ કોર્સમાં હું અપ-ડાઉન નહીં કરી શકું. મારે વડોદરા કોલેજની હોસ્ટેલમાં જ રહેવું પડશે.”

“કંઈ વાંધો નહીં દીકરી,” શંકરભાઈએ એની પીઠ થપથપાવતા કહ્યું, “મારી દીકરી હિંમત હારે એવી નથી. જા, તારો કોર્સ શરૂ કરી દેજે.”

લીનાએ એડમિશનની પ્રોસેસ શરૂ કરી દીધી.

એક તો, એ પ્રથમ વર્ગમાં એમ.બી.બી.એસ. પસાર કરીને આવેલી અને એની જ્ઞાતિ પ્રમાણે એને અનામતનો લાભ પણ મળ્યો એટલે વડોદરાની ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં એડમિશન મળી ગયું. હોસ્ટેલમાં એડમિશન મળ્યું અને લીના એની બેગ લઈને આવી ગઈ. વડોદરા શહેર એના માટે નવું નહોતું, હજી તો હમણાં જ અહીંથી એણે એમ.બી.બી.એસ.નો અભ્યાસક્રમ પૂરો કર્યો હતો.

હા, એક વસ્તુ નવી હતી - અત્યાર સુધી એણે છોટા ઉદેપુરથી અપ-ડાઉન કર્યું હતું ને હવે અહીં રહીને ભણવાનું હતું. જો કે એ અગાઉ ભણતી હતી ત્યારે અવાર-નવાર નાટકોમાં ભાગ લેતી. પોતાની મેડિકલ કોલેજના નાટકોમાં કે અન્યત્ર કોઈ શૈક્ષણિક સંસ્થામાં નાટક હોય અને લીનાને ભાગ લેવાનું આમંત્રણ મળે તો એ તૈયાર જ હોય. હવે એનો એમ.ડી.નો અભ્યાસ શરૂ થયો પણ પેલી નાટકમાં ભાગ લેવાની એની ઈચ્છા તો હજી એવીને એવી જ તરોતાઝા હતી.

એની કોલેજમાં એન્યુઅલ ડે વખતે ‘સરોવર સુખનું છલકાયું’ નામનું નાટક ભજવાયું, જેમાં મુખ્ય પાત્ર તરીકે લીનાએ ભાગ લીધો. એના ડાયરેક્ટર નીલ મહેતા પ્રોફેશનલ હતા. નાટક સ્ટેજ પર રજૂ થયું ને લોકોએ તાળીઓના ગડગડાટથી એને વધાવી લીધું. લીના પહેલી વાર ખુશ થઈ કે એના પાત્રને આટલી પ્રશંસા મળી.

એ પછી તો એ નાટકના ડિરેક્ટર નીલ મહેતા એને ભેટી પડ્યા.

“લીના,” નીલે કહ્યું, “તેં અદભુત રોલ ભજવ્યો. હવે આ નાટકના આપણે બીજા શહેરમાં પણ શો કરીશું, તું તૈયાર છે?’’

“મને શું વાંધો છે?” લીનાએ કહ્યું, “હા, મારા અભ્યાસ પર એની અસર ન પડવી જોઈએ.”

“આપણે શનિ-રવિના જ શો ગોઠવીશું,” નીલે કહ્યું, “પહેલો શો આપણે રાજકોટમાં ગોઠવીએ. આવતા શનિ-રવિ ફાવશે?’’ લીના બોલી, “ચોક્કસ ફાવશે.”

શનિ-રવિ રાજકોટમાં પણ લીનાના અભિનયનું અજવાળું પથરાયું. હેમુ ગઢવી હોલમાં ભજવાએલા એના નાટકને જબરદસ્ત સફળતા મળી.

એ પછી તો વડોદરામાં જ નીલે એ નાટકના ચાર-પાંચ શો કર્યા. લીનાના અભિનયની એટલી પ્રશંસા થઈ કે, ચાહકો નાટક પૂરું થયા પછી એના ઓટોગ્રાફ માટે દોડી



અમે તારા માટે એક મુરતિયો જોયો છે. હવે તારું ભણવાનું પૂરું થયું છે, હોસ્પિટલ પણ સરસ ચાલે છે ને હવે તારી ઉંમર પણ થઇ ગઇ છે, તો આપણે એને મળવાનું રાખીએ? જો તને પસંદ આવે તો આપણે તારા લગ્ન ગોઠવી દઇએ

આવતા! નીલે એ નાટકના અમદાવાદ, મુંબઈ, બેંગલોર ને કલકત્તામાં પણ શો કર્યા. બધા જ શો હાઉસફુલ થયા.

એ પછી તો નીલે બીજા પણ ચાર-પાંચ નાટકો ડિરેક્ટ કર્યા. અલબત્ત, દરેકમાં હિરોઈન તો લીના જ હતી.

દરમ્યાનમાં લીનાના અભ્યાસનાં બે વરસ તો પસાર પણ થઈ ગયાં. નાટકોમાં વ્યસ્ત રહેતી હોવા છતાં એ પોતાના અભ્યાસ તરફ સહેજેય બેદરકાર નહોતી. પ્રેક્ટિકલ માટે સયાજીરાવ હોસ્પિટલમાં એણે જવું પડતું.

નાનાં બાળકોની તકલીફ એ હોય છે કે, મોટા માણસો તો પોતાના દુખાવાની ફરિયાદ બોલીને કરી શકે પણ નાનાં બાળકો એ રીતે બોલી શકતાં નથી. કેટલાંક તો બોલતા શીખ્યા પણ નથી હોતાં ને પેટના દુખાવા જેવી બીમારીથી પીડાતાં હોય. ધીમે ધીમે લીનાનો હાથ બેસતો ગયો.

બાળકની આંખમાં આંખ પરોવીને એ જાણી શકતી કે, એની પીડા ક્યાં છે. રોજ રાત્રે એ વિશ્વભરના બાળરોગના મેગેઝિન, પુસ્તકોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતી ને એ રીતે સતત સામ્પ્રત સમય સાથે જોડાએલી રહેતી. એનો ગોરો, સુંદર ચહેરો ને ભાવવાહી અવાજ એને મદદરૂપ થતો. એ દરમ્યાન નીલ મહેતા સાથે એની દોસ્તી ઘનિષ્ટ બનતી ગઈ. બન્ને ક્યારેક સાથે ફિલ્મ જોવા પણ જતાં. ફિલ્મની ચર્ચા પણ કરતાં.

ચર્ચાનો વિષય મુખ્યત્વે એ રહેતો કે, આ ફિલ્મના કથાવસ્તુને નાટકમાં ઢાળ્યું હોત તો કેવું નાટક થયું હોત? આવી ચર્ચાઓ અને નાટકના જુદાં જુદાં શહેરોમાં શો વચ્ચે લીનાની છેલ્લા વર્ષની પરીક્ષા પણ આવી ગઈ. પરીક્ષા પતી પણ ગઈ. પરિણામ પણ લીનાના ધાર્યા પ્રમાણેનું જ સરસ આવ્યું અને એ ફરી પેંડાનું પેકેટ લઈને છોટા ઉદેપુર ગઈ. “હવે?” એના પપ્પાએ પૂછ્યું, “હવે શું કરવાનું છે?”

“હજી ઈન્ટર્નશીપ બાકી છે,” લીનાએ જવાબ આપ્યો, “એ પતે એ પછી આપણે વાત કરીશું.”

સમય પસાર થતો ગયો. ઈન્ટર્નશીપ પણ પૂરી થઈ. લીના તાલુકા કક્ષાની એક હોસ્પિટલમાં બે વરસ માટે નોકરી પણ કરી આવી. “હવે શું કરીશ દીકરી?” લીનાની મમ્મીએ પૂછ્યું. “મમ્મી,” લીના બોલી, “હવે આપણે વડોદરામાં એક હોસ્પિટલ ખોલીએ. ભલે ત્રણ કે ચાર બેડરૂમનું મકાન હોય પણ સરસ રીતે બનાવીએ. હું બાળકોની બે-ત્રણ હોસ્પિટલો જોઈ લઉં, એ પછી એના જેવી હોસ્પિટલ બનાવડાવીએ.”

બીજા દિવસથી લીનાએ હોસ્પિટલો જોવાનું શરૂ કર્યું. એણે પારડીના એક બાળકોના ડૉક્ટર કાર્તિક ભદ્રા વિષે સાંભળેલું. એમની હોસ્પિટલ એ જોઈ આવી. એમને મળીને એમનો સ્વભાવ જોઈને એ ખુશ થઈ ગઈ. એ પછી અમદાવાદમાં આવીને એણે મણિનગરમાં ડૉ. જિતેષ રાવલની બાળકોની હોસ્પિટલની મુલાકાત લીધી. એ પણ એને ગમી. ડૉ. રાવલનો મળતાવડો સ્વભાવ પણ એને ગમ્યો. એમનાં પત્ની ડૉ. ચાર્મીબહેને એને જમાડીને મોકલી. હવે લીનાએ વડોદરામાં કારેલીબાગમાં એક ચાર બેડરૂમનું ટેનામેન્ટ શોધ્યું. એ મકાન સોસાયટીની લગભગ બહારના ભાગમાં હતું ને બન્ને બાજુ રોડ હતો. બાજુમાં ખુલ્લી જગ્યા પણ હતી. લગભગ પચાસ લાખમાં એ મળે એમ હતું. શંકરભાઈએ પોતાની બચત અને બાકીની લોન લઈને એ મકાન લઈ લીધું. હવે એ મકાનને રંગરોગાન કરવાનો, મેડિકલ ઈક્વિપમેન્ટ વસાવવાના- એ બધા માટે લગભગ દસેક લાખ રૂપિયા થાય એમ હતું. જો કે હવે બેન્કો સામેથી લીનાને લોન આપવા તૈયાર હતી! એણે લોન લઈ લીધી ને હોસ્પિટલનું કામ શરૂ થઈ ગયું. નીલ એની મદદમાં આવતો. ક્યારેક નીલ જાતે બનાવીને બન્ને માટે ટિફિન લઈને પણ આવતો. લીનાએ પોતાને રહેવા માટે ઉપર જ એક બેડરૂમ ચણાવી નાખ્યો ને સજાવી નાખ્યો!

હોસ્પિટલનું નામ રાખ્યું -શૈશવ! આ નામ પણ લીનાએ જ શોધ્યું. ઉદ્ઘાટન એનાં મમ્મી અને પપ્પાના હાથે જ થયું અને બીજા જ દિવસથી હોસ્પિટલ શરૂ થઈ ગઈ. એક મહિનામાં તો હોસ્પિટલ ધમધમતી થઈ ગઈ.

જો કે હોસ્પિટલ શરૂ થયાના બીજા જ વરસે શંકરભાઈ લીના પાસે આવ્યા. “દીકરી,” એમણે કહ્યું, “અમે તારા માટે એક મુરતિયો જોયો છે. હવે તારું ભણવાનું પૂરું થયું છે, હોસ્પિટલ પણ સરસ ચાલે છે ને હવે તારી ઉંમર પણ થઈ ગઈ છે, તો આપણે એને મળવાનું રાખીએ? જો તને પસંદ આવે તો આપણે તારા લગ્ન ગોઠવી દઈએ.”

“તમે કહો એમ પપ્પા,” લીના બોલી, “મને કશો વાંધો નથી. તમે જ્યારે કહો ત્યારે અને ત્યાં હું આવી જઈશ.” “અરે ક્યાંય જવાનું નથી.” શંકરભાઈ બોલ્યા, “છોકરો વડોદરાનો જ છે. શેરનું કામકાજ કરે છે ને ખૂબ કમાય છે. આપણે એને જ અહીં બોલાવી લઈએ કાલે?”

“ભલે પપ્પા,” લીના બોલી, “બોલાવી લો કાલે. બપોરના બોલાવજો.”

બીજા દિવસે બપોરના એક અપ ટુ ડેટ યુવાને શંકરભાઈ સાથે હોસ્પિટલમાં પ્રવેશ કર્યો.

લીનાએ ખુરશીઓ પર એના પપ્પા અને મુરતિયાને બેસાડયા. એક સીસ્ટર પાણી લઈ આવી, બીજી ચાનાસ્તાની વ્યવસ્થામાં ગોઠવાઈ. “બેટા,” શંકરભાઈ બોલ્યા, “આ અમોલ છે. આપણી જ જ્ઞાતિનો છે ને અહીં વડોદરામાં જ શેરનું કામકાજ કરે છે. મને ઘણી વાર મળેલો છે. એનું કોઈ નથી. તમે બન્ને એકબીજા સાથે વાત કરી લો, હું સામેથી થોડી વસ્તુ ખરીદતો આવું.”

“લીના,” શંકરભાઈના ગયા પછી અમોલ બોલ્યો, “મને શેરમાર્કેટની જેમ નાટકનો પણ ખૂબ શોખ છે. તમારા નાટકના અનેક શો મેં જોયા છે ને નાટક પત્યા પછી તમારા ઓટોગ્રાફ પણ આ ડાયરીમાં લીધા છે!”

આટલું કહીને એણે એક ડાયરી લીનાને બતાવી. પોતાની સહીઓ જોઈને લીનાને આશ્ચર્ય થયું. બીજી તો કોઈ વાત કરવાની હતી નહીં, એણે પપ્પાને હા પાડી દીધી. બીજા જ મહિને બન્નેના લગ્ન પણ થઈ ગયા. નીલે પણ ઉત્સાહથી લગ્નના બધાં કામમાં ભાગ લીધો. હોસ્પિટલ અને લગ્ન પછી લીના નાટકમાં ભાગ લઈ શકતી નહોતી પણ નીલ સાથે એની દોસ્તી બરકરાર હતી. અમોલ પણ હવે હોસ્પિટલના ઉપરના રૂમમાં લીના સાથે જ રહેતો હતો. એ પછી એણે પોતાનું અલકાપુરીનું ટેનામેન્ટ કાઢી નાખીને આ સોસાયટીમાં જ એક ટેનામેન્ટ લઈ લીધું. નીલ, અમોલ અને લીનાએ મળીને એને સજાવ્યું અને લીના અને અમોલ ત્યાં રહેવા લાગ્યાં. અમોલનો શેરબજારનો વ્યવસાય સરસ ચાલતો હતો. એને ગાડી ચલાવવાનો પણ શોખ. ઘણી વાર એ લીનાને લઈને લોંગ ડ્રાઈવ પર નીકળી પડતો. એવી જ રીતે, લગ્નનાં બે વરસ પછી બે વખત એ સુરત ગયેલો ને ઝડપથી ભાગતી એની ગાડી વળાંક ન જોઈ શકી અને સામેથી આવતી ટ્રક સાથે જબરદસ્ત અથડાઈ!ગાડીનો ભુક્કો બોલી ગયો. લીના અને નીલને સમાચાર મળતાં જ બન્ને સુરત હોસ્પિટલ દોડી ગયાં. જો કે અમોલ તો અકસ્માતના સ્થળે જ અવસાન પામ્યો હતો! લીના શૂન્યમનસ્ક બની ગઈ. અણધાર્યો આઘાત જીરવવાની એની હિંમત નહોતી. નીલે એને આશ્વાસન આપ્યું. એ ભાંગી પડી ને નીલને વળગીને હોસ્પિટલમાં રડવા લાગી.

“રડ નહીં લીના,” નીલે કહ્યું, “ઈશ્વરની ઈચ્છા આગળ આપણું કશું ચાલતું નથી. હવે આગળની વિધિ પતાવીએ.” ડેડબોડી લઈને બન્ને વડોદરા આવ્યાં ને બાકીની વિધિ પતાવી. એક મહિના સુધી ઘરમાં મહેમાનોની અવરજવર ચાલુ રહી. શંકરભાઈ અને લીનાની મમ્મી હવે અહીં જ રહેતાં હતાં.

“નીલ,” લીનાએ મહિના પછી કહ્યું, “અમોલ તો ગયો, હવે તું જ મારો સહારો છે. મને સંભાળજે.”

“ચિંતા ન કર લીના,” નીલ બોલ્યો, “એ તો એક મિત્ર તરીકે મારી ફરજ છે અને હું તારો સાચો મિત્ર છું.”

ખરેખર નીલે મિત્રતા નિભાવી. અમોલના અવસાનને આજે સાત કે આઠ વરસ થયાં પણ લીનાની કોઈ પણ તકલીફ વખતે નીલ એક જ ફોનથી હાજર થઈ જાય છે!

(શીર્ષકપંક્તિઃ રશ્મિ શાહ)